GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, કિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

"સૈની ઈન્ડિયા" એક સંપૂર્ણ પાવર સોલ્યુશન આપતી કંપની
24/7 365 SERVICE
➤ સિંગલ યુનિટમાં આપે છે 3000 KVA સુધીના પાવર જનરેટરની ક્ષમતા ➤ સાઉન્ડ લેસ પાવર
SAINI INDIA
Empowering the nation
(A Rakesh Saini Enterprise)
SINCE 1989
31-03-2027 પહેલાં ડીજી સેટ ખરીદો અને મેળવો 2 + 3 વર્ષની વધારાની વોરંટી
Plot No. 992, Road No. 87, G.I.D.C, Sachin, Surat, Gujarat-394230
Email Id. hp@sainiindia.co.in | Website. www.sainiindia.co.in
Mo.: 95123 55591 | Office : 99041 55591 | 99044 55591

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષ: ૧૬૪ અંક : ૭ * * * સંવત ૨૦૮૨ આસો પુનમ, સોમવાર ૨૬ ઓક્ટોબર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯
પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# ‘મોદી કા બાપ ભી જાયેગા’ ખડગેના નિવેદનથી વિવાદ

**પટનામાં** એક કાર્યક્રમમાં પ્રેક્ષકોમાંથી કોઇએ કહ્યું કે ‘મોદી ક્યાંય નહીં જાય’, આનાથી ઉશ્કેરાઇને ખડગેએ વડાપ્રધાનના પિતાને સંડોવતું વિધાન કર્યું

**કાર્યક્રમમાં** મોદી નહીં જાય બોલનારા સંતોષ કુમાર નામક વ્યક્તિને કોંગ્રેસના સમર્થકો દ્વારા માર મરાયો અને ત્યાંથી બહાર મોકલી દેવાયો

**ખડગેના** નિવેદનથી રાજકીય વિવાદ સર્જાયો, જેડીયુ, ભાજપ અને બિહારના અન્ય એનડીએ નેતાઓ દ્વારા તેની આકરી ટીકા કરવામાં આવી

પટના, તા. 25(PTI): બિહારના પ્રથમ મુખ્યમંત્રી શ્રીકૃષ્ણ સિંહની જન્મજયંતિ નિમિત્તે અહીં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન, ‘વડાપ્રધાન ક્યાંય નહીં જાય’ એવી પ્રેક્ષકોમાંથી એક સભ્યની ટિપ્પણીના જવાબમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ‘મોદી કા બાપ ભી જાયેગા’નું વિધાન કરીને ભારે વિવાદ ઊભો કર્યો હતો.

### જેના નિવેદનથી ખડગે આક્રોશિત થયા તેણે કહ્યું મારું આખું વાક્ય કોઇએ નથી સાંભળ્યું

મલ્લિકાર્જુન ખડગે જેના નિવેદનથી આક્રોશિત થયા હતા તે સંતોષ કુમારે કાર્યક્રમ સ્થળના હોલની બહાર કહ્યું કે મેં કોઈ બકવાસ કર્યો નહોત. તેણે દાવો કર્યો કે બધાને ગેરસમજ થઇ છે અને ખરેખર હું કહી રહ્યો હતો કે ‘જ્યાં સુધી બળવો ન થાય ત્યાં સુધી મોદી જશે નહીં’. પરંતુ મારા આ વાક્યનો માત્ર એક ભાગ

અનુસંધાન પાના ૨ પર ➲

ખડગે એકવાર નહીં પણ ત્રણવાર આ વાક્ય બોલ્યા હતા. આ ઘટના પટનામાં જાણીતા સ્વાતંત્ર્ય સેનાની સિંહની 139મી જન્મજયંતિની ઉજવણી પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં બની હતી.

SIR પ્રક્રિયામાં કથિત ગેરરીતિઓ આચરનારાઓને કોંગ્રેસ જેલમાં મોકલશે તેવા ખડગેના નિવેદનના જવાબમાં, શ્રોતાઓમાંથી એક વ્યક્તિએ બૂમ પાડી કે, ‘જ્યાં સુધી બળવો નહીં થાય, ત્યાં સુધી મોદી ક્યાંય નહીં જાય.’ આના જવાબમાં કોંગ્રેસ અધ્યક્ષે વળતો પ્રહાર કરતા કહ્યું, ‘મોદી કા બાપ ભી જાયેગા’. બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ ખડગેના નિવેદનની સખત નિંદા કરી હતી અને કોંગ્રેસ પાસે માફીની

અનુસંધાન પાના ૨ પર ➲



### કોંગ્રેસનું વૈચારિક દેવાળું, પક્ષ હવે માફીયા ગેંગ જેવો : ખડગેની ટિપ્પણી પર ભાજપ

**NDAના** અન્ય પક્ષોના નેતાઓએ પણ કોંગ્રેસ પ્રમુખની ટિપ્પણીને વખોડી

નવી દિલ્હી, તા. ૨૫(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની અપમાનજનક ‘અંગત’ ટિપ્પણી બદલ તેમના પર પ્રહારો કરતા ભાજપે રવિવારે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પ્રમુખ ‘લુખ્ખા અને ગુંડાઓ સાથે જોડાયેલી’ ભાષાનો ઉપયોગ કરી રહ્યા છે, જે તેમની પાર્ટીની ‘વૈચારિક નાદારતા’ દર્શાવે છે અને આ પાર્ટી હવે ‘માફિયા ગેંગ’ જેવી વધુ દેખાઈ રહી છે. ભાજપના પ્રમુખ નીતિન નબીને જણાવ્યું હતું કે, દેશના લોકો આ ‘અભદ્ર રાજકારણ’ને ખૂબ જ નજીકથી જોઈ રહ્યા છે અને યોગ્ય સમયે તેનો યોગ્ય જવાબ આપશે. તેમણે

અનુસંધાન પાના ૨ પર ➲

### મોદીના ‘વૈચારિક પિતા’ RSSના સંદર્ભમાં ખડગે બોલ્યા હતા : કોંગ્રેસનો ખુલાસો

નવી દિલ્હી, તા. ૨૫ (PTI): કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેના ‘બાપ’ અંગેના નિવેદનને લઈને ઉપજેલા ભારે વિવાદ વચ્ચે, કોંગ્રેસે રવિવારે દાવો કર્યો હતો કે જ્યારે ખડગે પટનામાં બોલી રહ્યા હતા ત્યારે એક ભાજપ કાર્યકર્તાએ પહેલા તેમના સ્વર્ગસ્થ પિતાનું અપમાન કર્યું હતું, જેના કારણે આ વરિષ્ઠ નેતાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ‘વૈચારિક પિતા’ એટલે કે RSSનો ઉલ્લેખ કરવો પડ્યો હતો. ભાજપના પ્રહારોનો જવાબ આપતા કોંગ્રેસના મીડિયા અને પબ્લિસિટી

અનુસંધાન પાના ૨ પર ➲

## યમુનોત્રી-કેદારનાથ ધામમાં સીઝનની પ્રથમ બરફવર્ષા





**બરફવર્ષાને** કારણે મંદિર સમિતિ દ્વારા યાત્રાળુઓને જરૂરી દવાઓ સાથે રાખવા અને યાત્રામાં સાવચેતી રાખવા સલાહ

**યમુનોત્રી** અને કેદારનાથમાં અચાનક થયેલી બરફવર્ષાને કારણે ભક્તો રોમાંચિત થઈ ગયા

ઉત્તરકાશી/ચમોલી, તા. 25 (PTI): ઉત્તરાખંડના યમુનોત્રી ધામ ખાતે રવિવારે સીઝનની પ્રથમ બરફવર્ષા થતાં મંદિરની મુલાકાતે આવેલા શ્રદ્ધાળુઓમાં આનંદ વ્યાપી ગયો હતો, જ્યારે ચારધામ યાત્રા તેના અંતિમ તબક્કામાં પહોંચી છે ત્યારે તાપમાનમાં ઘટાડા વચ્ચે કેદારનાથમાં પણ બરફવર્ષા જોવા મળી હતી. યમુનોત્રીમાં વરસાદ અને બરફવર્ષા તથા કેદારનાથમાં બરફવર્ષાને કારણે મંદિર સમિતિના એક સભ્યએ યાત્રાળુઓને જરૂરી દવાઓ સાથે રાખવા અને ધામોની યાત્રા કરતી વખતે સાવચેતી રાખવા સલાહ આપી હતી.

કેદારનાથ-બદરીનાથ મંદિર સમિતિના ખાસ આમંત્રિત સભ્ય વિનીત પોસ્ટીએ યાત્રાળુઓને તમામ આવશ્યક દવાઓ સાથે રાખવા અને તેમની યાત્રા દરમિયાન સાવચેતી રાખવા અપીલ કરી હતી. યમુનોત્રી ખાતે શ્રદ્ધાળુઓ બરફવર્ષા જોઈને રોમાંચિત થઈ ગયા હતા, જેમાં મા યમુનાના આશીર્વાદ લેવા પહોંચેલા ભક્તોએ પડતા બરફ વચ્ચે પ્રાકૃતિક સૌંદર્યની મજા માણવાની તક ઝડપી લીધી હતી. પાંચ પાંડા સમિતિના સચિવ ગિરીશ

અનુસંધાન પાના ૨ પર ➲

## નેપાળે ભારતને 3.9 કરોડ ડોલરની વીજળીની નિકાસ કરી

**ઓગસ્ટના** ઘોડાપૂરથી હાઇડ્રોપાવર પ્રોજેક્ટ્સને ભારે નુકસાન છતાં નિકાસ થઇ શકી, બાંગ્લાદેશને પણ ફરી નિકાસ કરવાનું શરૂ કર્યું

કાઠમંડુ, તા. ૨૫(PTI): એક અધિકારીએ રવિવારે જણાવ્યા અનુસાર, નેપાળે સપ્ટેમ્બરના મધ્યથી ઓક્ટોબરના મધ્ય વચ્ચે ભારતને ૩.૯ કરોડ અમેરિકી ડોલરથી વધુની વીજળી નિકાસ કરી છે.

નેપાળ વિદ્યુત પ્રાધિકરણ(NEA)ના મેનેજિંગ ડિરેક્ટર દીર્ઘાયુ કુમાર શ્રેષ્ઠાએ જણાવ્યું હતું કે, ઓગસ્ટમાં આવેલા અચાનક પૂરના કારણે કે સેંકડો હાઈડ્રોપાવર પ્રોજેક્ટ્સ અને ટ્રાન્સમિશન માળખાને નુકસાન થયું હોવા છતાં, આ સમયગાળા દરમિયાન નેપાળે ભારતને ૬૩.૩૯૮૬ કરોડ યુનિટ વીજળીની નિકાસ કરી હતી, જેનાથી નેપાળી રૂપિયા(NPR) ૫.૯૨૫ અબજ (લગભગ ૩.૯ કરોડ ડોલરથી વધુ)ની કમાણી થઈ છે.

શ્રેષ્ઠાએ જણાવ્યું હતું કે, ભારતને નિકાસ કરાયેલી વીજળીમાંથી લગભગ બે-તૃતીયાંશ વીજળી દ્વિપક્ષીય વીજ વેચાણ કરારો હેઠળ પૂરી પાડવામાં આવી હતી. શુક્રવારે, નેપાળે ભારતની ટ્રાન્સમિશન નેટવર્ક સિસ્ટમ દ્વારા બાંગ્લાદેશને ૪૦ મેગાવોટ વીજળીની નિકાસ પણ ફરી શરૂ કરી છે. પૂરના કારણે ત્રિશુલી અને ચિલીમે હાઈડ્રોપાવર પ્લાન્ટ્સને નુકસાન થયું હતું, જેમને અગાઉ બાંગ્લાદેશને વીજળી સપ્લાય કરવા

અનુસંધાન પાના ૨ પર ➲

## માજી CJI ચંદ્રચૂડ સરકારના આજ્ઞાંકિત હતા : સુપ્રીમના માજી જજ સંજય કૌલ

**જજોની** નિમણૂકની બાબતમાં પણ સરકારની અગાઉથી પરવાનગી લેતા હોય તેમ જણાતું હતું

**ન્યાયતંત્રની** સ્વાયત્તતા જાળવવા કોલેજિયમે સરકારના દબાણનો સામનો કરવો જ જોઇએ

નવી દિલ્હી, ૨૫ ઓક્ટોબર (PTI): સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ સંજય કિશન કૌલે ન્યાયાધીશોની નિમણૂક અંગેના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા(CJI) ડી. વાય. ચંદ્રચૂડના અભિગમની ટીકા કરતા એવો આરોપ લગાવ્યો છે કે તેઓ ‘સરકાર પ્રત્યે વધુ પડતા નરમ’ હતા.

પોતાના આગામી સંસ્મરણ પુસ્તક ‘વિધાઉટ ફિયર ઓર ફેવર’માં સુપ્રીમ કોર્ટની છ ખાલી જગ્યાઓ ભરવા માટે યોજાયેલી કોલેજિયમની બેઠકનો ઉલ્લેખ કરતા જસ્ટિસ કૌલે જણાવ્યું છે કે, અગાઉ પાંચ નામો પર સંમતિ સધાઈ ચૂકી હતી, ત્યારે જસ્ટિસ ચંદ્રચૂડે છઠ્ઠા ઉમેદવારનું નામ પ્રસ્તાવિત કર્યું હતું અને સરકારનો અભિપ્રાય લેવા વિચાર્યું હતું. જસ્ટિસ કૌલે પોતાના પુસ્તકમાં લખ્યું છે,

અનુસંધાન પાના ૨ પર ➲

### જસ્ટિસ કૌલે ચંદ્રચૂડની કરેલી ટીકા સંદર્ભમાં નિષ્ણાતોના જુદા જુદા અભિપ્રાયો

નવી દિલ્હી, તા. ૨૫(PTI): પૂર્વ સુપ્રીમ કોર્ટના જજ સંજય કિશન કૌલ દ્વારા પૂર્વ મુખ્ય ન્યાયાધીશ(CJI) ડી. વાય. ચંદ્રચૂડની ન્યાયિક નિમણૂકો પ્રત્યેની કાર્યશૈલી અંગે કરવામાં આવેલી ટીકા પર કાનૂની નિષ્ણાતોએ તીવ્ર મતભેદ વ્યક્ત કર્યા છે. જેમાં એક નિષ્ણાતે ચંદ્રચૂડના કાર્યકાળનો બચાવ કર્યો છે, તો બીજાએ કૌલની ચિંતાઓને સમર્થન આપ્યું છે. બંધારણીય કાયદાના નિષ્ણાત અને વરિષ્ઠ એડવોકેટ રાકેશ દ્વિવેદીએ ચંદ્રચૂડના કાર્યકાળને ભારતીય ન્યાયતંત્ર માટે “સુવર્ણ કાળ” ગણાવ્યો હતો અને ન્યાયિક નિમણૂકો સંબંધિત બાબતોમાં તેઓ સરકાર પ્રત્યે અતિશય નરમ કે ઝૂકેલા હતા તેવા આક્ષેપોને ફગાવી દીધા હતા. બીજી તરફ, વરિષ્ઠ એડવોકેટ અને સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ વિકાસ સિંહે કૌલની ટીકાનું સમર્થન કર્યું હતું અને આરોપ લગાવ્યો હતો કે સરકાર પ્રત્યે ચંદ્રચૂડનું વલણ અને સંવેદનશીલ કેસોની ફાળવણીની તેમની રીત ન્યાયતંત્રની સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા કરે છે. આ પરસ્પર વિરોધી સમીક્ષાઓ કૌલની સંસ્મરણીકા ‘વિધાઉટ ફિયર

અનુસંધાન પાના ૨ પર ➲

## નાર્કોટિક્સ બ્યુરો દ્વારા રૂ. 100 કરોડના હવાલા કૌભાંડનો પર્દાફાશ

**આસામ,** મિઝોરમ, મણિપુર જેવા પૂર્વોત્તર રાજ્યોમાં ડ્રગ કાર્ટેલ પર એનસીબી દ્વારા ઓપરેશન ટ્રાઇડન્ટ હેઠળ કાર્યવાહી

**એનસીબી** દ્વારા 1424 બેન્ક ખાતા સીલ કરી 17.82 કરોડની સંપત્તિ જપ્ત કરીને 18ની ધરપકડ કરવામાં આવી

નવી દિલ્હી, તા. 25: નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી)એ આંતરરાષ્ટ્રીય ડ્રગ સ્મગલિંગ નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરતાં શુક્રવાર, 23 ઓક્ટોબરના રોજ આસામ, મિઝોરમ અને મણિપુરમાં 38 સ્થળોએ એકસાથે દરોડા પાડીને ’ઓપરેશન ટ્રાઈડન્ટ’ શરૂ કર્યું હતું. આ બહુ-એજન્સીની સંયુક્ત કાર્યવાહીમાં ભારત-મ્યાનમાર-બાંગ્લાદેશ કોરિડોરમાં નશાકારક પદાર્થોની તસ્કરીમાં સંકળાયેલા એક આંતરરાષ્ટ્રીય ડ્રગ કાર્ટેલના ઓપરેશનલ અને નાણાકીય નેટવર્કને લક્ષ્ય બનાવવામાં આવ્યું હતું.

એક મોટી સફળતામાં આ ઓપરેશનમાં લગભગ 100 કરોડ રૂપિયાના હવાલા વ્યવહારોનો પર્દાફાશ કર્યો હતો, 1,424 બેંક ખાતા સીલ કરવામાં આવ્યા અને 17.82 કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી છે. એજન્સીઓએ

અનુસંધાન પાના ૨ પર ➲

## ઇરાન પર હુમલો કરીએ કે તેની સાથે કરાર પણ કરીએ : ટ્રમ્પ

**યુદ્ધની** નવી ધમકીઓ ઇરાનની નીતિઓ બદલાવી શકશે નહીં એવો ઇરાની વિદેશ મંત્રીનો હુંકાર

વોશિંગ્ટન, તા. 25(એપી): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને જ્યારે પૂછવામાં આવ્યું કે તેઓ ઇરાન પર સંભવિત હુમલો કરવાથી કેટલા દૂર છે, ત્યારે તેઓ ગુસ્સે થઈ ગયા હતા.

તેમણે તાજેતરમાં સોશિયલ મીડિયા પર કહ્યું હતું કે તેઓ 3 નવેમ્બરની મધ્યસત્ર ચૂંટણીઓ પહેલા ઇરાન પર ફરીથી હુમલો નહીં કરે. શનિવારે અહીં પત્રકારોને સંબોધતા ટ્રમ્પે કહ્યું હતું કે, ‘શું તમને ખરેખર લાગે છે કે હું હુમલો કરવાનો હોઈશ તો તમને જણાવીશ?’ એક પ્રશ્નના જવાબમાં તેમણે ઉમેર્યું હતું કે, ‘અને એવી પણ શક્યતા છે કે હું હુમલો કરીશ. તેમજ એવી પણ શક્યતા છે કે આપણી વચ્ચે એક સરસ, મોટો અને સુંદર કરાર થઈ જાય.’ ટ્રમ્પે તેમની આ વાતનું પુનરાવર્તન કર્યું હતું કે ઇરાન કરાર કરવા ઈચ્છે છે, ‘પરંતુ સવાલ એ છે કે શું તેઓ એ કરાર પર ટકી રહેશે?’

બીજી તરફ, ઇરાનના પ્રમુખ

અનુસંધાન પાના ૨ પર ➲

## અર્થતંત્રો પર હુમલો કરીને પણ યુદ્ધો લડાય છે : વડાપ્રધાન મોદી

**પીએમ** મોદીએ ઓડિશામાં RBIના ડેટા સેન્ટર અને સાયબર સિક્યુરિટી ટ્રેનિંગ ઇન્સ્ટીટ્યુટનું ઉદ્દઘાટનમાં દેશની બેંકિંગ સિસ્ટમને સાયબર આતંકવાદીઓથી બચાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો

ભુવનેશ્વર, તા. ૨૫(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જણાવ્યું હતું કે યુદ્ધો હવે માત્ર પરંપરાગત શસ્ત્રો દ્વારા લડવામાં આવતા નથી પરંતુ અર્થતંત્રોને નિશાન બનાવીને પણ લડવામાં આવે છે. તેમણે ભારતીય બેંકિંગ વ્યવસ્થાને ‘સાયબર આતંકવાદીઓ’થી બચાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

અહીં આરબીઆઈના રૂ. ૧૬૯ કરોડના ડેટા સેન્ટર અને ‘સાયબર સિક્યુરિટી ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ’નું ઉદ્ઘાટન કર્યા પછી એક સભાને સંબોધતા તેમણે કહ્યું કે આ

અનુસંધાન પાના ૨ પર ➲

## આંધ્રપ્રદેશના કાંઠે 28 ઓક્ટોબરે મોટું વાવાઝોડું ત્રાટકવાની આગાહી

**બંગાળની** ખાડીમાં સર્જાયેલું ડિપ્રેશન ૨૭મી સુધીમાં શક્તિશાળી વાવાઝોડામાં ફેરવાઇ જવાની શક્યતા

**પાડોશી** ઓડિશાના પણ સાવચેતીના પગલાં શરૂ

અમરાવતી, ૨૫ ઓક્ટોબર (PTI): બંગાળની ખાડીમાં સર્જાયેલું ડિપ્રેશન ૨૭ ઓક્ટોબર સુધીમાં ગંભીર ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાય તેવી શક્યતા છે, જેને પગલે લોકોને હાઈ એલર્ટ પર રહેવા માટે કહેવામાં આવ્યું છે, તેમ APSDMAએ રવિવારે જણાવ્યું હતું.

આંધ્રપ્રદેશ રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ(APSDMA)ના મેનેજિંગ ડિરેક્ટર પ્રખર જૈને લોકોને સાવચેતી ઓછી ન કરવા ચેતવણી આપી હતી કારણ કે

અનુસંધાન પાના ૨ પર ➲

### કેરળમાં ભારે વરસાદથી ત્રણ જિલ્લામાં રેડ દસમાં યલો એલર્ટ

થિરૂવનંથપુરમ, તા. ૨૫(પીટીઆઇ): નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ જવાની સાથે કેરળમાં ભારે વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું છે ત્યારે ભારતીય

અનુસંધાન પાના ૨ પર ➲

### હવામાન

તા. ૨૫-૧૦-૨૦૨૬નું સુરત શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૧૯૮૩ મીમી |

| ઉકાઇ | સપાટી આજની | આઉટફ્લો |
|---|---|---|
| | 333.૯૫ ફૂટ | ૬૪૪૭ ક્યુસેક |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૭.૨ સે. | ૨૪.૪ સે. | ૪૩% |

## SIR પ્રક્રિયામાં વપરાતા સોફ્ટવેરની માહિતી આપવા ચૂંટણી પંચનો ઈન્કાર

**મતદાર** યાદીમાં ક્ષતિઓ શોધવા માટે વપરાતા સોફ્ટવેરનું નામ અને વર્ઝનની માહિતી એક RTI અરજીમાં મગાઇ હતી

**ચૂંટણી** પંચે ટ્રેડ સિક્રેટ ગણાવીને આ માહિતી જાહેર ન કરી શકાય કહ્યું, કોંગ્રેસે પોલ ખુલી જવાના ડરથી ઇનકાર કરાયાનો આક્ષેપ કર્યો

નવી દિલ્હી, તા. ૨૫: ભારતના ચૂંટણી પંચ(ECI)એ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) ઝુંબેશ દરમિયાન મતદાર યાદીઓમાં ક્ષતિઓ અને વિસંગતતાઓની ઓળખ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા સોફ્ટવેરનું નામ અને વર્ઝન જાહેર કરવાનો ઈનકાર કર્યો છે. પંચે જણાવ્યું છે કે આ માહિતી “વ્યાપારી ગુપ્તતા (કર્મશિયલ કોન્ફિડન્સ), ટ્રેડ સિક્રેટ્સ અને બૌદ્ધિક સંપદા (ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી)” સંબંધિત છે અને માહિતી અધિકાર(RTI) કાયદા હેઠળ મુક્તિ ધરાવે છે.

વિવાદાસ્પદ મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ગરબડોના આરોપો વચ્ચે ટીકાઓનો સામનો કરી રહેલા આ પંચે એમ પણ કહ્યું હતું કે “SIR ઝુંબેશ માટે કોઈ નવું સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું નથી કે ખરીદવામાં આવ્યું નથી,” અને ઈલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર્સ (EROs) “તથ્યો અને રેકોર્ડ્સના આધારે” મતદારનો સમાવેશ કરવો કે બાદ કરવો તે અંગે નિર્ણય લે છે. ચૂંટણી પંચે જણાવ્યું હતું કે, “સંબંધિત મતક્ષેત્રના ERO એ જ તે મતક્ષેત્રની મતદાર યાદી તૈયાર કરવા અને સુધારણા કરવા માટેના વૈધાનિક સત્તાધિકારી (સ્ટેચ્યુટરી ઓથોરિટી) છે.” તેલંગાણાના એક કાર્યકર્તા દ્વારા દાખલ કરવામાં આવેલી RTI અરજીના જવાબમાં 16 ઓક્ટોબરના રોજ આ જવાબ આપવામાં આવ્યો હતો. આ કાર્યકરે મતદાર ડેટામાં ભૂલો અથવા વિસંગતતાઓની જાણકારી મેળવવા માટે ઉપયોગમાં લેવાયેલા સોફ્ટવેર, એપ્લિકેશન અથવા AI પ્લેટફોર્મનું નામ અને વર્ઝન માંગ્યું હતું; શું

અનુસંધાન પાના ૨ પર ➲